શ્રી સ્વામિનારાયણ મંદિર કલાકુંજ, સુરત – ૬

# ઘરસભા (SMK)

શ્રી સ્વામિનારાયણ મંદિર કલાકુંજ સુરત

## શ્લોક

મહાધ્યાનાભ્યાસં વિદધતમજસ્ત્રં ભગવતઃ
પવિત્રે સમપ્રાપ્તં સ્થિતિમતિવરૈકાન્તિકવૃષે
સદાનંદં સારં પરમહરિવાર્તા વ્યસનીનં
ગુણાતીતાનંદં મુનિવરમહં નૌમિ સતતમ્

## પ્રાર્થના

નમન હું કરું વિશ્વપાળને, કરગરી કહું ભક્તિબાળને ...૧
અરજ માહરી ઉરમાં ધરો, વિપત માહરી શ્રીહરિ હરો ...૨
અવર આશરો માહરે નથી, સર્વ જાણને શું કહું કથી ...૩
કઠણકાળમાં આપ છો ધણી, સુખદ શ્યામળા મુક્તના મણી ...૪
અમરના પતિ આશ તાહરી, રસિક રાખજો લાજ માહરી ...૫.
પ્રણતપાળ છો સર્વના પ્રભુ, દિનદયાળ છો વિશ્વના વિભુ ...૬
વિમલ મૂરતિ ઉરમાં વસો, નજરથી પ્રભુ દૂર ના થશો ...૭
અધિક ત્રાસને તોડી નાખજો, નારાયણદાસને પાસ રાખજો ...૮

## કિર્તન

હરિ ભજતાં સહુ મોટપ પામે, જન્મ મરણ દુઃખ જાયે રે;
પારસ પરસી લોહ કંચન થઈ, મોંઘે મૂલે વેચાયે રે...હરિ–૧
મુનિ નારદની જાતને જોતાં, દાસી પુત્ર જગ જાણે રે;
હરિને ભજી હરિનું મન કે'વાણા, વેદ પુરાણ વખાણે રે...હરિ–૨
રાધાજી અતિ પ્રેમ મગન થઈ, ઉર ધાર્યા ગિરધારી રે;
હરિવર વરી હરિ તુલ્ય થયાં, જેનું ભજન કરે નરનારી રે...હરિ–૩
શામળિયાને શરણે જે આવે, તેનાં તે ભવ દુઃખ વામે રે;
મુક્તાનંદના નાથને મળતાં, અખંડ એવા તન પામે રે...હરિ–૪

શ્રી સ્વામિનારાયણ મંદિર કલાકુંજ સુરત

* **નોંધ** *

**ઘરમાં કિર્તનનો રાગ જાણનાર વ્યક્તિએ અહીં આપેલ ઓડીયો
કિર્તન સાંભળ્યા બાદ પોતે ગાન કરી ઝીલાવવું.**

## ગુણાતીત બિંદુ

### ઊકળતા પાણીમાં પ્રતિબિંબ દેખાતુ નથી તેમ ક્રોધી માણસ પોતાનું હિત શામાં છે તે જોઈ શકતો નથી

## પ્રેરણાના પુષ્પો
## (સારા માણસ કોને કહેવાય?)

જ્યારે ગામના સારા લોકો એને ચાહે અને ખરાબ માણસો તિરસ્કારે ત્યારે જ તેને સારો માણસ કહેવાય. જ્યાં સુધી હલકાં માણસો આપણને ચાહતા હોય, આપણી સાથે હેત રાખતા હોય (આપણે ભલે તેની સાથે હેત ન રાખતા હોઈએ) તો સમજવું કે આપણામાં ઊંડેઊંડે ક્યાંક ગરબડ છે. લબાડ માણસો સારા માણસોને ચાહતા હોય એવું તમે ક્યાંય જોયું છે? તે બને જ નહીં.

ભિષ્મ પિતામહ અખંડ બ્રહ્મચર્ય વ્રતધારી, વીરતાની મૂર્તિ, કૃષ્ણને સમજનાર પણ દુર્યોધનને પક્ષે કેમ બેઠા? કર્ણ મહાન દાનેશ્વરી, બોલ્યું પાળનાર, કૃષ્ણની શક્તિને જાણનાર, તો પણ દુર્યોધનના પડખામાં કેમ ભરાયો? અસ્ત્ર શસ્ત્ર વિદ્યાના પારંગત દ્રોણાચાર્ય પણ કેમ દુર્યોધનની સાથે રહ્યા હશે!

ટૂંકમાં એક એક વિશિષ્ટ સદ્‌ગુણોથી સુરક્ષાયેલ દુર્યોધનરૂપી અનિષ્ટ પોષાતું રહ્યું. ભિષ્મ પિતામહને કારણે દુર્યોધનના દુર્ગુણો ઝડપથી જાહેર ન થયા. કર્ણ અને દ્રોણાચાર્ય જેવાની શક્તિએ અનિષ્ટ મજબૂત થતું રહ્યું. આનો અર્થ એવો કે ખુદ દુર્ગુણો કોઈને આકર્ષી શકતા નથી પણ સદ્‌ગુણોના કવચ તળે રહીને આકર્ષણ ઉભું કરે છે. ભિષ્મ પિતામહના સહકાર વિના દુર્યોધન આટલું લાંબુ ખેંચી શક્યો ન હોત. ભિષ્મને કારણે ઘણાં દ્વિધામાં મુકાયા.

સારા થઈને ખરાબની પડખે ઊભું રહેવું તે બહુ મોટો સામાજિક અપરાધ છે. કારણ કે, આથી સારા લોકો દ્વિધા અનુભવે છે અને ખરાબમાં પણ સારાની કલ્પના કરે છે. ખરાબની સોબતે ઘણાં ચડી જાય છે.

## વચનામૃત

પછી મુક્તાનંદસ્વામીએ પશ્ન પૂછ્યો જે, "શ્રુતિમાં[2] એમ કહ્યું છે જે, 'अंते या मतिः सा गतिः[3]' એવી રીતે કહ્યું છે જે, અંતકાળે ભગવાનને વિશે મતિ રહે તો ગતિ થાય અને ન રહે તો ન થાય. એવો એ શ્રુતિનો અર્થ ભાસે છે. ત્યારે જે ભક્તિ કરી હોય તેનો શો વિશેષ છે ?" પછી

શ્રી સ્વામિનારાયણ મંદિર કલાકુંજ સુરત

શ્રી સ્વામિનારાયણ મંદિર કલાકુંજ સુરત

શ્રી સ્વામિનારાયણ મંદિર કલાકુંજ સુરત

શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેને સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થઇ છે તેને અંતકાળે સ્મૃતિ રહે અથવા ન રહે તોપણ તેનું અકલ્યાણ થાય નહિ, તેની તો ભગવાન રક્ષા કરે છે. અને જે ભગવાન થકી વિમુખ છે તે તો બોલતાં-ચાલતાં દેહ મૂકે છે તો પણ તેનું કલ્યાણ થાતું નથી અને મરીને યમપુરીમાં જાય છે. અને કેટલાક પાપી કસાઇ હોય તે બોલતાં-ચાલતાં દેહ મૂકે છે અને ભગવાનનો ભક્ત હોય અને તેનો અકાળ મૃત્યુ થયો તે માટે શું તેનું અકલ્યાણ થાશે ? અને તે પાપીનું શું કલ્યાણ થાશે ? નહિ જ થાય. ત્યારે એ શ્રુતિનો અર્થ એમ કરવો જે, **'જેવી હમણાં એની મતિ છે તેવી અંતકાળે ગતિ થાય છે.'** માટે તે જે ભક્ત છે તેની મતિમાં એમ રહ્યું છે જે 'મારું કલ્યાણ તો થઇ રહ્યું છે' તો તેનું કલ્યાણ અંતકાળે થઇ જ રહ્યું છે. અને જેને સંતની પ્રાપ્તિ નથી થઇ અને ભગવાનના સ્વરૂપની પણ પ્રાપ્તિ નથી થઇ, તેની મતિમાં તો એમ વર્તે છે જે, 'હું અજ્ઞાની છું અને મારું કલ્યાણ નહિ થાય.' તો જેવી એની મતિ છે તેવી એની અંતકાળે ગતિ થાય છે. અને **જે ભગવાનના દાસ થયા છે તેને તો કાંઇ કરવું રહ્યું નથી; એનાં દર્શને કરીને તો બીજા જીવનું કલ્યાણ થાય છે,** તો એનું કલ્યાણ થાય એમાં શું કહેવું ? પણ ભગવાનનું દાસપણું આવવું તે ઘણું કઠણ છે; કેમ જે, ભગવાનના દાસ હોય તેના તો એ લક્ષણ છે જે, **'દેહને મિથ્યા જાણે અને પોતાના આત્માને સત્ય જાણે અને પોતાના જે સ્વામી તેને ભોગવ્યાના જે પદાર્થ તેને પોતે ભોગવવાને અર્થે ઇચ્છે જ નહિ અને પોતાના સ્વામીનું ગમતું મૂકીને બીજું આચરણ કરે જ નહિ.'** એવો હોય તે હરિનો દાસ કહેવાય. અને જે હરિનો દાસ હોય ને દેહરૂપે વર્તે તે તો પ્રાકૃત ભક્ત કહેવાય."

**॥ ઈતિ વચનામૃતમ્ ગ.પ્ર.૧૪॥**

## સ્વામીની વાતો

**બીજા દોષને મહારાજ ગણતા નથી, પણ ચારના દ્રોહને ગણે છે,**
**એક ભગવાન, બીજા આચાર્ય, ત્રીજા સાધુ ને ચોથા સત્સંગી છે;**
**માટે એ ચારનો દ્રોહ ન કરવો**

પ્ર–૧ વા–૧૨૩

## ચરિત્ર
## (દાજીભાઈએ રસોઈ આપી)

ગામ **બાંધણીના દાજીભાઈ** રસોઈ દેવા આવ્યા હતા અને મહારાજે પૂછ્યું જે, 'હું કહું તેવું કરવું છે કે તમારું ધાર્યું કરવુ છે ?'' દાજીભાઈ કહે, 'મહારાજ ! તમે રાજી થાઓ તેમ કરવું છે.' મહારાજ કહે, 'કેટલા રૂપિયા છે ?'' દાજીભાઈ કહે, 'મહારાજ ! સવાસો રૂપિયા વાપરવા છે.' મહારાજ કહે, ''મંદિરનું કામ ચાલે છે તે અડધાના એટલે પચાસ રૂપિયાના અડદ લાવો અને પોણોસો રૂપિયાના ઘઉં લાવો.'' પછી તે પ્રમાણે લાવી મહારાજને ભેટ કરી અને મહારાજ બહુ જ રાજી થયા. એને મહારાજે કહ્યું જે, ''આ દાણો પહોંચે ત્યાં સુધી તમારી રસોઈ. પછી મહારાજને પગે લાગી પોતાને ગામ ગયા.

## જોકસ

ટીચરઃ દિલ્હીમાં કુતુબમિનાર છે.
જીગો ક્લાસમાં ઊંઘી રહ્યો હતો.
ટીચરે તેને ઉટાડયો અને પૂછ્યુંઃ
બોલ તો, મેં હમણા શું કહ્યું હતુ?
જીગોઃ દિલ્હીમાં કૂતરું બિમાર છે.

## ઉખાણું

કાંટાવાળાં ઝાડ જેનાં, લીલાં–પીળાં ફળ,
પથ્થર ફેંકી બાળ ખાય, તે ઉખાણું કળ

(બોરડી)

## પૂર્ણાહુતિ શ્લોક

કાયેન વાચા મનસેન્દ્રિયેર્વા, બુદ્ધ્યાત્મના વા પ્રકૃતેઃ સ્વભાવાત્ ।
કરોમી યદ્યત્સકલં પરસ્મૈ, નારાયણાયેતિ સમર્પયામિ ॥

## નોંધ

* ઘરસભાના અંતે સમુહમાં બેસીને પ્રસાદ પણ લઈ શકાય છે. દા.ત. ફ્રુટ... વિગેરે

શ્રી સ્વામિનારાયણ મંદિર કલાકુંજ સુરત

શ્રી સ્વામિનારાયણ મંદિર કલાકુંજ સુરત